ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

જિંદગીના હરેક ક્ષેત્રમાં ખુદ લડવું પડે છે
સફળતા કાજે પોતેજ ખુદને લડવું પડે છે
રાખી પારકી આશાને નિરાશ થવું પડે છે
સ્વપ્રયત્નથી મંઝીલ પ્રાપ્તિ કરવી પડે છે
જ્ઞાન પ્રાપ્તિ કરવા ગુરુ દ્વારે જવું જ પડે છે
એકલવ્ય થઈને જ્ઞાન પ્રાપ્તિ કરવી પડે છે
જિંદગીના યુધ્ધ અર્જુન થઈ લડવા પડે છે
જિંદગીના યુધ્ધને કૃષ્ણ થઈ લડવા પડે છે
આ મહાભારતે ખુદ સારથી બનવું પડે છે
મહાયુધ્ધને જીતમાં પરિવર્તન કરવું પડે છે

- "મેહુલ"

## પાથેય

# વાર્તાઓનું ઘેઘૂર વન...

- રમેશ ઠક્કર

મહાભારત એક રોમાંચક ગ્રંથ છે..વાર્તાતત્વની જાણે ખાણ છે..પ્રસંગો અને પાત્રાલેખન એ એનો પ્રાણ છે..જગતમાં જે કંઇ છે એ બધું જ એમાં છે..આ એવો ગ્રંથ છે જેના રચયિતા ખુદ કથાનું એક પાત્ર છે..ભગવાન વેદ વ્યાસની આ કમાલ છે..નાટયાત્મકતાથી ભરપુર ઘટનાઓ અને વર્ણનો આપણને જકડી રાખે છે.

મહાભારતનું મુખ્ય પાત્ર કૃષ્ણ છે..એમના નામ સાથે જ કથા શરૂ થાય છે...પણ એમની એન્ટ્રી જુઓ..દ્રોપદી સ્વયંવર ગોઠવાયો છે..બધા રાજા મહારાજાઓનું રસપ્રદ વર્ણન થઇ રહયું છે..પણ વાસુદેવ કૃષ્ણ એ યાદીમાં છેલ્લે આવે છે..બિલકુલ સહજ...આવનારા સૌ દ્રોપદીના રુપને જુએ છે..કૃષ્ણનાં નયન પાંડવોને શોધે છે..કેવું અદ્ભુત આલેખન! કવિનું આયોજન જુઓ વાસના ઉપર વિજય મેળવનાર કૃષ્ણની આંખો કેવી સહજ ફેરવે છે..!

અર્જુન કમીટેડ યોધ્ધો..યુધ્ધભૂમિમાં અંગત સંબંધીઓને જોઈ સામાન્ય માણસ બની જાય..!આપણી જેમ જ ઉદાસ થઈ જાય..રોમેન્ટિક કેવો હશે ? ચિત્રંગદા, ઉલૂપી, વર્ગા એમ અનેક પ્રિયત્તમાઓ સહજ મળે..દ્રૌપદી જેવી પત્ની ધરાવતા પાર્થ એટલે કે અર્જુનને સ્વયં કૃષ્ણ પોતાની બહેન સુભદ્રાના હરણ માટે મદદ કરે એ મૈત્રીની પરાકાષ્ઠા છે..!

અહીં ઘટનાઓ અને બનાવોની રોમાંચકતા છે..અનેક યોધ્ધાઓની વચ્ચે વિદુર નામે વિદ્વાન પણ છે..જેની પાસે જગતની તમામ સમસ્યાઓનો સમતોલ અભિગમ છે..પણ એનો બોસ દુર્યોધન છે..એ જાણે છે બધું જ પણ કરે છે અધર્મ કહે એમ..!

એક જગ્યાએ વિદુર વૃધ્ધાવસ્થાને ઘાસના વાઘની ઉપમા આપે છે ! એ કહે છે મૃત્યુ જેવી વસ્તુ છે જ નહીં હકિકતમાં પ્રમાદ એ જ મૃત્યુ છે ! મહાભારત વિશાદને પણ યોગ કહે છે..વિશાદયોગ ભીષ્મનો પણ છે..જે મજબુરીવશ દુર્યોધનનું અન્ન ખાય છે પણ એમનું મન પાંડવો સાથે છે..કેવી કશમકશ..!

કૌરવો વચ્ચે વિકર્ણ જેવો સજ્જન પણ છે..જેને હણ્યા પછી ભીમ જેવો માણસ પણ બોલે છે કે 'યુદ્ધ નો ધર્મ નિષ્ઠુર હોય છે.."આયુધો વગરના ભીમનો મોકો મળવા છતાં પણ કર્ણ વધ કરતો નથી કેમકે એને કુંતીને વચન આપ્યું હોય છે કે એ અર્જુન સિવાયના કોઇ પાંડવનો વધ નહીં કરે ! કેવી ઉદાત્તતા..પણ આ સમર્થ માણસને શ્રધ્ધા દુર્યોધનમાં છે !

કર્ણની આ એ જ માતા હતી જેણે લોકલાજથી બચવા માટે કુમળા બાળક કર્ણનો ત્યાગ કર્યો હતો..!

યુધિષ્ઠિર ધર્મરાજ ખરા પણ જુગાર રમવાના શોખીન ! નકુલ વરણાગી..સહદેવ જાણે ત્રણેય કાળને પણ કહી શકે ના કશુંય ! વિદ્વાન હોવાનો અભિશાપ..ગાંધારી દુર્યોધન જેવા દુષ્ટની માતા પણ એના જેવી સતી સ્ત્રી સંસારમાં દુર્લભ..આવાં અનેક ઉદાત્ત પાત્રો મહાભારતના વિશાળ કથાપટમાં વિહરે છે....

દુર્યોધન કે દુશાસન જેવાં ખલપાત્રનો જીવનરસ જોવા જેવો છે..બધું હારી ગયા પછી દુર્યોધન એક તળાવમાં પાણીનો પુરો બની સંતાઈ જાય છે..અને બહાર ઉભેલા પાંડવોને એક પછી એક આવી લડવા લલકારે છે ! એમાં એનો જીવનરસ ચરમસીમાએ પ્રગટે છે...

ભગવાન વેદ વ્યાસ કવિ તરીકે કોઇપણ પાત્ર તરફ પક્ષપાત કરતા નથી..એને બરાબર ઉપસાવે છે..એમાં એ કયાંય વચ્ચે આવતા નથી ! દરેક પાત્રને એ બરાબર બહેલાવે છે..એ દ્રોપદીના રોષને આલેખે છે તો શિખંડીના અપમાનબોધને પણ ગજબ આલેખે છે...અહીં નિર્દોષ અભિમન્યુ ઉપર તુટી પડતા શૂરવીર કાયરો છે..તો શાંતિ માટે સુદર્શન જેવી અણુતાકાત ધરાવનાર પરમ સખા કૃષ્ણ પણ છે..જે કૌરવો પાસે શાંતિના બદલામાં ફકત પાંચ ગામોની યાચના કરે છે..! વીરત્વની આવી ગરિમા વિશ્વ સાહિત્યમાં પણ શોધવી મુશ્કેલ છે.

મહાભારત એક રમ્ય અરણ્ય છે..એનાં પાત્રો આપણા જેવાં જ હરતાં ફરતાં હાડચામનાં માણસો લાગે છે..છતાં એમની પાસે ભવ્ય આદર્શો છે..ટેક છે..સંવેદના છે..મક્કમ મનોબળ છે..મહાભારત વાર્તાઓનું ઘેઘૂર વન છે..જેમાં વિહરતાં આપણને એક રોમાંચક સફરનો પરિતોષ અનુભવાય છે...

# શેર બજારની કડવી મીઠી વાતો...

આજે મારા મિત્ર ચીમન ચપટીને કોઈકે શેર બજારમાં રાતોરાત રુપિયા કમાઈ શકાય છે એવી ખોટી સમજણ આપીને કેવો ભરમાવી દીધેલો તેની વાત કરવી છે. શેર બજાર એક મોટુ ખુલ્લુ બજાર છે એના ઉપર સરકારે નિયંત્રણ રાખવા જૂદી જૂદી કાયદાકીય જોવાઈઓ અને સંસ્થાઓ રચેલી છે આમ છતાં શેર બજારમાં કેટલીક વાર સતત ચાલતી મંદીએ ઘણા લોકોને બેહાલ કે બેઘર કરી દીધા છે એમ કહેવામાં કશું ખોટુ ગણાશે નહિ, ચીમને જ્યારે મને કહ્યું કે એ પણ શેર બજારમાં પૈસા રોકવા માગે છે ત્યારે મેં એને મારા ખરાબ અનુભવનો દાખલો આપીને એને તેનાથી દૂર રહેવા બહુ જ સમજાવ્યો પણ એ મારું માન્યો જ નહિ ને એની બૈરીના બે ત્રણ લાખના દાગીના વેચીને શેર બજારમાં રુપિયા ખોઈ બેઠો તે હજીય એને કળ વળતી નથી અને ઘરમાં બૈરી એના દાગીના માટે રોજ કજીયા કરે છે એ તો જૂદુ......

ચીમનના અને મારા પોતાના શેર બજારના અનુભવો પરથી મેં કેટલાક મુદ્દા તારવ્યા છે એ આજે વાચકો સાથે શેર કરવા છે. શક્ય છે કે આ મારા અનુભવો તમને સાચા ન પણ લાગે, વળી એવા ઘણાય લોકો હશે જે શેર બજારમાંથી સારી એવી કમાણી કરી શક્યા હોય અને હજી ય કમાણી કરી રહ્યા હોય... પણ એવા અપવાદોને બાદ કરતાં ઘણા બધા લોકોને શેર બજારના કડવા અનુભવો થયા હશે એવું મને વ્યક્તિગત રીતે લાગે છે, કદાચ આ મારી માન્યતા ખોટી પણ હોઈ શકે છે ;- --- આ બજારમાં તમારી કોઈપણ સ્ટ્રેટેજી કે ધારણાઓ સાચી પડતી નથી... - તમે જે શેર ખરીદશો એના ભાવ તરત જ ઘટવા લાગશે... --- તમે જે શેર વેચી દેશો એના ભાવ તરત જ વધવા લાગશે...



રંગ અને વ્યંગ
અનંત પટેલ

- કંપનીનું ત્રિમાસિક કે વાર્ષિક રીઝલ્ટ સારું આવશે તો પણ એના ભાવ ઘટશે અને ખરાબ પરિણામ હશે તો ય એના ભાવ ઉંચકાતા જોવા મળશે... કશું નક્કી જ નહિ..!!!

- તમે જાતે કંપનીની નાણાકીય સ્થિતિનો અભ્યાસ કરીને રોકાણ કરશો તો ય તમારા ખરીદ કર્યા પછી એના ભાવ દબતા જ જણાશે..

- તેજી ચાલે ત્યારે જ લોકો રોકાણ કરવા પ્રેરાય છે અને ખૂબ મંદી હોય ત્યારે રોકાણ કરતાં ડરી જાય છે...

- ભલ ભલા એક્ષ્પર્ટ ની ટીપ્સ પણ ખોટી પડી શકે છે..... --- શેર બજાર પર અસર કરનારાં અનેક પરિબળો છે જેવાં કે સરકારની નીતિ, વૈશ્વિક પ્રવાહો, ધીરાણ નીતિ, આયાત નિકાસને સંબંધિત પોલિસી, જે તે કંપનીની નાણાંકીય સ્થિતિ વગેરે. ( આવાં પરિબળોની યાદી તો ખૂબ જ લાંબી બની શકે છે..!!!!! )

- તમે એક બાબત ખાસ માર્ક કરજો કે બજારમાં લોકો કમાય છે ત્યારે એની વાત બધે કરતા ફરે છે પણ જેવા ગુમાવવાનું શરુ થાય છે ત્યારે એ કોઈને કશું કહેતા નથી...!!! નવા અને નાના રોકાણકારો પેલા ભાઈએ તેમને થયેલા નફાની જે વાત કરી હોય છે એનાથી લલચાઈ જાય છે ને રોકાણ કરવા લાગે છે........

- જે લોકો ખોટ કરે છે એ ગભરાઈ જઈને બે ત્રણ વર્ષ બજારથી દૂર ભાગે છે પણ પાછી જેવી તેજી શરુ થાય છે કે તરત જ અંદર ઘુસ મારે જ છે અને ફરી પાછી એની એજ દશા કરે છે...

- આમાં ઘણીવાર એવી દલીલ પણ સાંભળવા મળે છે કે ભાઈ આપણો રુપિયો જે જગાએ ખોવાયો હોય એ જ જગાએથી પાછો મળેને ? એને બીજે શોધવા થોડું જવાય ??. આવા લોકોને કોઈ સમજાવી શકે નહિ...

- આવી બધી વાતો કરીને આપણે મિત્રોને બજારથી દૂર રહેવાની સલાહ આપીએ ત્યારે કેટલાક એવું કહેનારા પણ મળે છે કે ભાઈ આ બજાર તો લાંબા ગાળાના રોકાણકારો માટે જ છે, આમાં લાંબો ગાળો એટલે કેટલો સમય ગાળો એ નક્કી કરવું બહુ જ અઘરુ છે..

- લોકો પાછા એવી ય ગણત્રીઓ બહાર પાડતા જ રહે છે કે જો તમે અમુક કંપનીમાં વીસ કે પચીસ વર્ષ પહેલાં માત્ર દસ હજાર જ રોક્યા હોત તો આજે એના આટલા લાખ કે આટલા કરોડ થઈ ગયા હોત, પણ ભઈ મને એ તો કહો કે વીસ પચીસ વર્ષ સુધી એક જ કંપનીમાં રોકીને બેસી રહેનારા કેટલા ??

- કોઈ કહેશે 'એ' ગ્રૃપના શેર માં જ પડવુ, કોઈ વળી એફએમસીજી કે ફાર્મા અથવા ઓટો કંપનીમાં જ રોકાણ કરવાની સલાહ આપે છે, જે ઘણું બધુ કંફ્યુઝન ક્રીએટ કરે છે.....

- અને છેલ્લે એટલું જ કે આ બજારમાં જેના ભાગ્યમાં કમાવાનું લખ્યું હોય એ જ કમાઈ શકે છે...બીજા તો માત્ર ગુમાયા જ કરે છે અને પછી પાછા એને શોધવામાં ફરીથી ગુમાવતા રહે છે...

હોય ત્યારે, આતો અમારા અને ચીમન ચપટીના અનુભવનું તારણ છે, કદાચ કોઈ અમારી વાત સાથે સંમત ના પણ થાય તો અમને એનો કશો વાધો નથી કે આપણે એનો કોઈ વિવાદ પણ નથી આ તો ભાઈ ખયાલ અપના અપના... બાકી એટલું તો નક્કી છે કે આમાંથી કમાનારા કરતાં ગુમાવનારા જ વધુ હશે...

મો- ૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

# 'રઢિયાળી રાત'ના પ્રણેતા જિતુદાનને ભાવાંજલિ

સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર જિતુદાન ગઢવીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તા. ૦૫--૨-૨૦૨૩ના રોજ જિતુદાનને યાદ કરવાનો એક સુઆયોજિત કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના સાંસ્કૃતિક સેલના ઉપક્રમે યોજવામાં આવ્યો. ભારત સરકારના વરિષ્ઠ મંત્રી માનનીય શ્રી પુરુષોત્તમ રૂપાલા આ નિમિત્તે ખાસ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. જિતુભાઈનું યોગદાન લોકસાહિત્યના પ્રચાર-પ્રસારમાં મહત્વનું હોવાથી આ કાર્યક્રમની યથાર્થતા સર્વસ્વીકૃત છે. સમાજ તેના કલાધરોને યાદ કરીને બિરદાવતા રહે તે કલાધરો માટે છોડ માટેના જળસિંચન જેવું છે. કલાકાર સાથે જ કલાનો પણ વિકાસ અને વૃદ્ધિ થતા રહે છે. આ બાબતનું એક ઉજળું તથા જાણીતું ઉદાહરણ પૂ. મોરારીબાપુ પ્રેરિત 'કવિ કાગ મહોત્સવ'નું છે. છેક ૧૯૯૯થી બાપુના પાવન સાનિધ્યમાં 'કાગના ફળિયે કાગની વાતું' મરમીઓ દ્વારા માંડવામાં આવે છે. આજ રીતે અષાઢી કંઠના વાહક હેમુ ગઢવીની સ્મૃતિમાં પણ ૫૧ ભાવવંદનાના કાર્યક્રમો થયા. હેમતીર્થ સ્મારકનું પણ નિર્માણ થયું. આ રીતે જોઈએ તો સમાજ તેના સાહિત્યકારો તથા સાહિત્યની સ્મૃતિને જીવંત રાખવા જે પ્રયાસો કરે તે આવકારપાત્ર છે.



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સૌરાષ્ટ્ર-કચ્છ તથા સમગ્ર ગુજરાતમાં આજે પણ લોકડાયરાઓનો પ્રવાહ સતત ચાલતો રહે છે. ગઈ કાલે હેમુભાઈ-જિતુદાન કે પ્રાણલાલ વ્યાસ જેવા દિગ્ગજ કલાકારો હતા. આજે કિર્તીદાન, માયાભાઈ આહીર કે રાજભા જેવા લોકપ્રિય કલાકારો અનેક સ્થળોએ સાહિત્યનો પ્રવાહ સતત વહેવડાવતા રહે છે. લોકો તેમને માણતા તેમજ સતત વધાવતા રહે છે. પરંતુ ડાયરાઓની આ સમગ્ર વ્યવસ્થાનું સર્જન તથા સંવર્ધન કરવામાં જિતુદાનનો બહુમૂલ્ય ફાળો રહેલો છે. ડાયરાઓમાં નાવીન્ય આવે તથા ઉભરાતી પ્રતિભાઓને મંચ પર સ્થાન મળે તે માટે જિતુદાનના પ્રયાસો વિસરી શકાય તેવા નથી. કાર્યક્રમો મુંબઈમાં હોય કે ગુજરાતમાં હોય તે સર્વના આયોજનમાં જિતુદાનનો સિંહફાળો રહેતો હતો. અનેક ઉગતા કલાકારોને જિતુદાનનો સાથ અને સધિયારો રહ્યા છે. જિતુદાનના આ યોગદાનને એક સંસ્થાગત યોગદાન જેવું મૂલ્યવાન ગણી શકાય.

ડાયરાઓમાં જિતુદાનભાઈની પ્રસ્તુતિ ઘણી જ પ્રભાવકારી હતી. તેમનું ડાયરાનું સંચાલન એક શિસ્તબદ્ધ આર્મી અધિકારી જેવું હતું. સાથે કામ કરનારા અનેક કલાકારોનું આથી ઘડતર થયું છે. કલાના વાહક ઉપરાંત જિતુદાન એક મહત્વના સર્જક પણ હતા. આ રીતે તેઓ ભગતબાપુ(કવિ કાગ) તથા કવિ દાદની પંક્તિમાં આવી શકે તેવા સર્જક હતા. હરિરસ કે દેવીયાણ જેવા ગ્રંથોનું સંપાદન તથા તેમના પરની ટીકા પ્રમાણભૂત ગણી શકાય તેવી છે. દરેક બાબતમાં તેમનો પોતાનો એક ચોક્કસ મત રહેવા પામ્યો છે. પોતાનો જે કંઈ અભિપ્રાય હોય તે રજુ કરવામાં તેઓ સ્પષ્ટ હતા. તેમની કેટલીક માન્યતાઓ સાથે કદાચ આપણે સંમત ન હોઈએ તો પણ તેમનો તર્ક વિચારવા પાત્ર છે તેમ લાગ્યા સિવાય રહેતું ન હતું.આ બાબતને વિશેષ સ્પષ્ટ કરતા તેઓએ લખ્યું છે કે "મારી સુઝને હું બીજા કોઈના ચશ્માથી જોવા-સમજવા માંગતો નથી. આ મારો જન્મસિધ્ધ વાંક છે." જિતુદાનની આ નિખાલસતાને બિરદાવવા જેવી છે.

જિતુભાઈના સર્જનોમાં મેઘધનુષી રંગોનું દર્શન થાય છે. જિતુદાનના વ્યક્તિત્વનો અભ્યાસ કરીએ તો ગતિશીલતા એ તેમના સમગ્ર જીવનનો એક અભિન્ન ભાગ હતો. જિતુદાનને મળીએ કે વાત કરીએ ત્યારે આ ગતિશીલ સ્વભાવને માર્ક કરવાનું કોઈ ચુકી શકે નહિ. તેમને જોઈને મનમાં ઘણીવાર મરીઝનો શેર યાદ આવે:

જીવનમાં છે લહાવો
કદમ પર કદમ પર,
શરત ફક્ત એટલી કે
ગતિમાન રહેવું.

જિતુદાન સતત ગતિમાન રહેનારા હતા. જિતુદાનની આ ગતિમાં દિશા અને સૂઝ બંને હતા. તેમના જીવનની ગતિ સુરેખ હતી. સુઆયોજિત હતી. સૌથી અગત્યની વાત કે તેમાં સચોટતા હતી. તેમના અનેક સંપાદનો તથા સર્જનોમાંથી આ બાબતનો સ્પષ્ટ અણસાર આવે છે. તેમણે જેટલી ઉત્કટતા તેમજ કાળજીથી ઈસરદાસજીને પોતાના શબ્દદેહમાં ઉતાર્યા છે તેટલી જ કાળજીથી સમર્થ ભક્ત કવિ સાંયાજી ઝુલાને આપણી સમક્ષ રજુ કર્યા છે. એક સુંદર દોહામાં જિતુદાન લખે છે:

ઈડર કહાં મરધર કહાં
ઝૂલા બારઠ ફેર,
ઈસર ઈક સાંયા દુજો
પથ ઈક ચલે સુપેર

સાંયાજી ઝૂલા તથા ભક્ત કવિ શિરોમણી ઈસરદાસજી પર જિતુદાને કરેલું કામ ખૂબ જ નોંધપાત્ર છે. તેમના ૪૦ થી વધારે સર્જનો આપણી સમક્ષ મુકાયા છે. એ વાત ખરી છે કે આ બધા દસ્તાવેજ સમાન પુસ્તકો વિશાળ વર્ગ સુધી પહોંચી શક્યા નથી. આ બાબત એ સાહિત્યપ્રેમીઓ માટે પડકાર સ્વરૂપ છે. પુસ્તકો પહોંચે તો જ વિશાળ વાચક વર્ગ જિતુદાનની મહેનતની ખરી કદર કરી શકશે. જિતુભાઈના લખાણોની એક મહત્વની ખૂબી એ તેમની કલાત્મકતા છે. તેમની સહી કરવાની પદ્ધતિ પણ તેનો એક પુરાવો છે. જિતુદાન પદ્ય ઉપરાંત નાના-મોટા ગદ્યમાં પણ એટલા જ ખીલી ઉઠ્યા છે. શબ્દોનો સુંદરતાપૂર્વકનો ઉપયોગ વાચક જોઈ શકે છે, અનુભવી શકે છે. એક જગાએ જિતુદાન પોતાના પુસ્તકમાં લખે છે: "ચારણી સાહિત્ય એ વેદની રૂચાનું વ્યવહારુ દર્શન છે." આગળ લખે છે: "ચારણી સાહિત્ય એ પૌરાણિક ઘટનાઓનું કાવ્યાત્મક કુંજન છે." જિતુભાઈના સાહિત્ય ખેડાણમાં વ્યાપકતા છે. ચંડીપાઠને સરળતાથી સમજાવનાર આ કલાધર કવિગુરુ ટાગોરને પણ આપણા લોકસાહિત્યની ધરતી પર લઈને આવે છે. લોક ગીતાંજલિનો તેમનો પ્રયોગ એ જિતુદાનની સર્વસમાવેશકતાની શક્તિનો પરિચય કરાવે છે.

સામાન્ય રીતે રાજકીય પક્ષો સાહિત્યની કોઈ મહત્વની ઘટનાને એક સંસ્થાગત રીતે અપનાવે તથા ઉજવે તેવી ઘટનાઓ ઓછી બને છે. સમગ્ર આયોજનમાં ભારતીય જનતા પક્ષના સાંસ્કૃતિક સેલનું મહત્વનું યોગદાન આ કાર્યક્રમને મળ્યું છે તેમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓના કલાકારોને પણ આ વ્યવસ્થામાં સાંકળી લેવાનો પ્રયાસ નોંધપાત્ર છે. જિતુદાનભાઈ ટાપરીયાની સ્મૃતિને જિવંત રાખવાનો આ એક મહત્વનો પ્રયાસ હતો જે બીજા કલાકારોની બાબતમાં પણ સુયોગ્ય રીતે અનુકરણ કરવા પાત્ર છે.

# માબાપને દુભાવ્યાનું પાપ



નામ તો એનુ ગુરુબ્રહ્મ હતું. પણ લોકો એને ગુરુદ્રુહ કહે. શિકારી હતો ને ? એટલે . પણ શું થાય ? શિકાર તો એની આજીવિકા હતી. એનાથી તો એના પરિવારનું ભરણપોષણ થતું હતું. એમાં પણ, હાલમાં તો એની પત્ની સગર્ભા હતી. ખાવાપીવામાં એની વિશેષ કાળજી લેવાની હતી.



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ દિવસ મહાવદ ચૌદશનો હતે. એનુંગામ જ જાણે કે શિવગ્રામ હતું. એ નિત્યક્રમ પ્રમાણે, વનમાં જવા નીકળ્યો. લોકો એને 'શિવ', 'શિવ' કહેતા જાય. આ દિવસો તો ભારે થઈ. એને કોઈ શિકાર ન મળ્યો. સાંજ પડી ગઈ. ભૂખ્યો હતો, થાકયો હતો.

રાતની શરુઆત હતી. એ એક સરોવર પાસે આવ્યો. તળાવને કિનારે બિલ્વ વૃક્ષ હતું. એ એના ઉપર ચડી ગયો. એને એમ હતું. કોઈ પ્રાણી અહીં, પાણી પીવા તો આવશે ને ?' એને ખબર હતી કે, નીચે જમીનમાં શિવલિંગ હતું. એની પાણીની માટલીમાં તીરાડ હતી. એમાંથી નીચે પાણી ઝમ્યા કરે. ઝાડ પર એની હલચડ તો થવાનીજ. એટલે નીચે બિલ્વપર્ણો પડ્યા કરે.

એની ધારણા સાચી પડી. એક મૃગલી પાણી પીવા આળી. એણે શહસંધાન કર્યું. મૃગલીનું ધ્યાન ગયું. શિકારીએ પોતાની વ્યથા કહી. મૃગલીએ હસીને કહ્યું, 'તારું અને તારા પરિવારનું પેટ ઠરતુ હયો, તો બાણ ચલાવ, પણ એ પહેલાં મારા ચાર બચ્ચાં છે, એને લીને પાછી આવું. હું ન આવું, તો મને ધર્મની ભ્રષ્ટતાનું પાપ લાગે ' શિકારીએ એને જવા દીધી. આમાં એક પ્રહર વીતી ગયો.

એવામાં બીજી મૃગલી આવી. શિકારીએ શરસંધાન કર્યું. આ મૃગલીએ કહ્યું, 'હું મારી નાની બહેનને શોધવા આવી છું. હું પાછી આવીશ, અને ન આવું તો મને વેદ નિકંદનનું પાપ લાગે.' શિકારીએ એને પણ જવા દીધી. બીજો પ્રહર વીતી ગયો.

હવે એક મૃગ આવ્યો. શિકારીએ શરસંધાન કર્યું. મૃગે એને કહ્યું, 'હું મૃગલીઓને શોધવા આવ્યો છું. મળી જાય, એટલે પાછો આવી જઈશ. ન આવું, તો મને માબાપને દુભવ્યાનું પાપ લાગે.' શિકારીએ એને પણ જવા દીધો. ત્રીજો પ્રહર વીતી ગયો.

આશ્ચર્ય પામવાનો વારો હવે શિકારીનો આવ્યો. એણે જોયું. 'મૃગલી, એના ચાર બચ્ચા, એની મોટી બહેન મૃગલી અને એનો પતિ, સૌ હાજર કોઈ એકબીજાને છોડવા તૈયાર નહિ. ' મૃગલીએ કહ્યું, 'અમારા સૌ ઉપર બાણ ચલાવ. અમે આત્મસમર્પણ કરીએ છીએ.' ચોથો પ્રહર પૂરો થયો.

શિકારીમાં સાત્ત્વિક ભાવ પ્રગટ્યો. દિવસ રાતના ઉપવાસ જાગરણ, જળનો અભિષેક, બિલ્વના પાંદડાનું અર્પણ શિવના નામોનું ઉચ્ચારણ - આ બધું ભલે થયું અજાણતા. શિકારી નીચે ઊતર્યો. મૃગ પરિવારની માફી માંગી. ભગવાન શંકર તો અજામતા થયેલી પૂજા પણ સ્વીકારી લે. એ પ્રસન્ન થયા. એણે શિકારીને કહ્યું, 'તારો હવેનો જન્મ શૃંગવેરપુરના રાજા નિષાદપતિ ગૃહનો થશે.' ભગવાન શ્રીરામ તને સ્વયં મળવા આવશે.' શિવજીએ મૃગ પરિવારને કહ્યું, 'તમે મૃગ શીર્ષનામે પાંચમા નક્ષત્ર તરીકે આકાશમાં સ્થાન પામશો. કુટુંબભાવના અને સમર્પણની તારી આ કથા ચિરંજીવ બની રહેશે.'

# ભગવાન શિવનું વિલક્ષણ સ્વરુપ



સમસ્ત સંસારમાંજેણે ઝેર પી અમૃત અન્યને આપ્યું એવા ભગવાન નિલકંઠ મહાદેવને કોણ ભૂલી શકે ?

જગતનો ઉત્પાતિકર્તા બ્રહ્મા, રક્ષક વિષ્ણુ અને સંહારકર્તા શિવ એ સનાતન ધર્મના ત્રણ દેવો છે. તેમાંય દેવાધિદેવ શિવ અદ્વિતીય અને અજન્મા છે. વેદ સાહિત્ય પુરાણ લોકધર્મ અને પુરાતત્વ વગેરેમાં દૃષ્ટિ કરતાં ભગવાન શિવની ઉપાસના યુગોથી કરાતી આવી છે. સિંધુ ઘાટીના અવશેષોમાં પણ શિવનું પ્રતિક લિંગ અને શિવની આકૃતિમાં પશુપતિનું સ્વરુપ પ્રાપ્ત થયેલ તે જ શિવ ધર્મની પ્રાચીનતાનો પરિચય પ્રાપ્ત થાય છે. શિવ મદમત્ત નહિ પમ મહાયોગી છે. ચરાચરમાં પરાત્મર બ્રહ્મ સ્વરુપ છે. શિવ અનાદિ, અનંત અને અવિનાશી અમર છે. શૂલપાર્ણિ છે. પછી તે બાર જયોતિર્લિંગમાં બિરાજમાન રામેશ્વર, સોમનાથ, કેદારનાથ, કાશિ પતિ વિશ્વાથ કે મહાકાલેશ્વર સ્વરુપ હોય કે ઈસ્લામ ધર્મ દ્વારા પણ આરાધ્ય અને પરિકમિત મક્કામાં 'સગે અસવદ' રુપે મક્કેશ્વર, શિવ મિસ્રવાશિઓ દ્વારા પૂજાયેલ 'કલ્લસ' હોય કે યહુદિઓ દ્વારા બહુચર્ચિત બેલફેગો શંકરાચાર્ય પુષ્પદંત અને રાવણ દ્વારા સ્તુતિ કરાયેલ શિવ હોય અને કર્નલ ટૉર્ડરની શોધ મસ્તિકષ્કના વિલાસ હોય સર્વદા પૂજાય છે.



પ્રસંગસર
વિષ્ણુભાઈ વૈષ્ણવ

શિવલિંગના મૂળમાં બ્રહ્મા મધ્યમાં વિષ્ણુ, ઉપરના ભળો ઓંકાર સદાશિવ છે. નીચે યોનીપીઠમાં આદ્યશક્તિ બિરાજીત છે. એટલા માટે જ ફક્ત શિવલિંગની અર્ચના કરવાથી સમસ્ત દેવ પ્રસન્ન થાય છે. શક્તિ (યોનિપીઠ)ની સાથે શિવ ઉપાસનાનું મહત્ત્વ છે. શક્તિ યુક્ત શિવ જ પ્રભાવી છે. શક્તિ વિના શબ રહી જાય. શિવનું પ્રિય શસ્ત્ર 'ત્રિશુલ' છે જેનાથી ભગવાને અંધકારનો નાશ કર્યો હતો. આમ અંધકારુરા અંધકાર અને અજ્ઞાનનું સ્વરુપજ છે. જેનો શિવ ઉપાસનાથી નાશ થાય છે. ત્રિશુલ શિવના સર્જનાત્મક અને સંહારકર્તાનું પ્રતિક છે.

આદિભૌતિક આદિલૌકિક અને અધ્યાત્મિક તાપનાશક ત્રિશુલધારી શિવના શરણમાં જવાની ત્રણે તાપથી પીડિત વ્યક્તિનું કલ્યાણ થાય છે. શિવભક્ત શંકરાચાર્યજીએ પણ વિશ્વને સનાતન પિતા શિવ અને આદિ માતા પાર્વતીજીની સંતતિ માની સૌને એકસૂત્રમાં બાંધવા ઉપદેશ આપ્યો હતો.

॥ માતા ચ પાર્વતી દેવી પિતા દેવો મહેશ્વર :
બાન્ધવા : શિવ ભક્તાવ્ચ સ્વદેશો ભુવનત્રયમ્ ॥

તેમનું પ્રિય વાહન નંદી છે. પશુ અનુચર સાથે હિમાલય પ્રતિક વૃષભ (બળદ) પર પાર્વતીજી સાથે બિરાજેલ શિવની છબિ દરેક હિન્દુના હૃદયમાં અંકિત છે. ભગવાન શિવનું નજરાજ સ્વરુપ નૃત્યમાં પ્રવીણતા બતાવે છે. એટલા માટે જ પ્રિય વાદ્યયંત્ર ડમરું છે. જે નવસૃષ્ટિનું પ્રતિક છે. સમસ્ત વાઙ્મયના સ્ત્રોત ઓંકાર વ્યંજયુક્ત ડમરું સાથેનું શિવ તાંડવ શિવજી બ્રહ્મરુપ ઉત્પતિ બતાવે છે.

એમ મનાય છે કે આ ડમરું દ્વારા પાણિનીય વ્યકરણ (સંસ્કૃત) ના ૧૪ પ્રત્યાહાર સૂત્રોનો ઉદ્ભવ નવસૃષ્ટિનું સૂત્રપાત માનવામાં આવે છે.

શિવજીનું વ્યાઘ્ર ચર્ચમા ધારણ કરી હિંસાત્મક પ્રવૃત્તિનું દમન કર્યુ છે. અહંકાર અને હિંસાને વશ કર્યા છે. શિવ પરિવારનું મયૂર, સર્પ, બેલ, વાઘ, નંદિ, કૂર્મ, આદિ પરસ્પર શત્રુ હોવા છતાં એક છે. એટલે જ શિવ ભાવના ઉપાસનાથી પરસ્પર પ્રેમ પ્રગટ થાય છે. શિવ આરાધનાના દરેક અધિકારી છે.

ભગવાન શિવના ભોજનમાં ભક્તો દ્વારા ધતૂરો, આકડો વગેરેનો ઉપયોગ દેખાય છે. ભગવાન શંકરાચાર્ય તેમની સ્તુતિ કરતા કહે છે કે શિવનું આભૂણ નાગ છે. ચિતાની ભસ્મ લપેટે છે. તો શું શિવજી અવિવેકી છે ? યથાર્થ રીતે આ વસ્તુ જેને સૌ કોઈ ત્યજો છે. તેને ભગવાન શિવ જ સ્વીકારી વીતરણ દગ્ધકામ અને ઉપેક્ષિત વસ્તુઓનો અંગીકાર કરી શકે. ભયંકર અને અપશુકનીયાળ વસ્તુઓને આલિંગન કરે છે. ધતૂરો તેના માટે નશાનો પદાર્થ નથી પરંતુ ઉપેક્ષિત પ્રતિ તેમનો પ્રેમ છે. અમૃત સૌ સ્વીકારે. વિષપાન કેવળ જ શિવ જ કરી શકે. સંપૂર્ણ સૃષ્ટિના સર્જન ભગવાન શિવ પાર્વતીજીના ઉતરમાં ફાગણ માસની વદ ચૌદશ તેમનો પ્રિય દિવસ બનાવે છે. તેના પછી જ શિવરાત્રિનો ઉદ્ભવે થયો તેમ મનાય છે. ઋગ્વેદના રાત્રિશુક્તમાં રાત્રિનું મહત્વ સમજાવ્યું છે. રાત્રિ નિત્ય પ્રલણ છે તો દિવસ નિત્ય સૃષ્ટિ. રાત્રિએ મન અંતર્મુખ થવાથી શિવની. તરફ પ્રેરાય છે ખરેખર સમસ્ત બ્રહ્માંડમાં ભૌતિક ક્રિયાકલાપો ભૂલી પરમાત્માને આત્મસાત કરવાની સાધના જે શિવસાધના છે. જે સમસ્ત પ્રતિભાઓને સમતા,એકતા અને આત્મીયસિદ્ધાંત સ્થાપિત કરે છે. ભગવાન આશુતોષને કોટિ કોટિ વંદન.